# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ , રુમ નં-૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં- (૦૨૭૯૨) ૨૨૨૯૩૬

સત્યમેવ જયતે

E-Mail : amrelideo@gmail.com Website : www.deoamreli.com

150 YEARS OF CELEBRATING THE MAHATMA


ક્રમાંક: પરક્ષ/લહિયા/મંજુરી/૨૦૨૨/

તા.૧૭/03/૨૦૨૨

પરીપત્ર- 49

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ મધ્યમિક અને ઉ.મા.શાળાઓ,

જિ.અમરેલી.

વિષય: SSC/HSC માર્ચ-૨૦૨૨ની જાહેર પરીક્ષા માટે લહિયા મેળવવા બાબત.

સંદર્ભ: ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૫૦૦-૩૩,તા.૨૫/૦૯/૨૦૧૭.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આગામી તા.૨૮મી માર્ચ-૨૦૨૨થી SSC/HSC પરીક્ષાઓની શરૂવાત થવા જઈ રહી છે.સદર જાહેર પરીક્ષામાં ધો.૧૦ ના દિવ્યાંગ વિધાર્થીઓને ધો.૯ માં અભ્યાશ કરતા વિધાર્થી તથા ધો.૧૨ ના દિવ્યાંગ વિધાર્થીઓને ધો.૧૧ માં અભ્યાશ કરતા વિધાર્થીને લહિયા તરીકે નીચે મુજબની શરતોએ આપી શકાશે.

૧) લહિયા તરીકે રહેનાર વિધાર્થીને ધો.૧૦ માટે ધો.૯ ની છ માસિક પરીક્ષાની માર્કશીટ અને ધો.૧૨ માટે ધો.૧૧ ની છ માસિક પરીક્ષાની માર્કશીટ જોડવાની સરહેશે.

૨) આ સાથે સામેલ નિયત નમુનાનું લહિયાનું બાંહેધરી પત્રક, લહિયા તરીકે રહેનાર વિધાર્થીનું અસલ બોનાફાઈડ સર્ટિફીકેટ થા તેની બે નકલ(શાળાના સહિ-સિક્કા સાથે),વિધાર્થીની રીસીપ્ટ તથા સિવિલ સર્જનના ડોકટરી પ્રમાણપત્રની નકલમાં શાળાના સહિ-સિક્કા કરવના રહેશે.

૩) લહિયાનું બાહેંધરી પત્રક્ની ત્રણેય નકલમાં પરીક્ષાર્થી તથા લહિયાના અસલ ફોટા ચોટાડી, શાળાના આચાર્યના સહિ-સિક્કા (અડધા ફોટા પર આવે તે રીતે) કરવાના રહેશે.

૪) લહિયાના વાલિનો લેખિત સંમતીપત્ર(વાલિનું પરૂ નામ,સરનામુ, અને મોબાઈલ નંબરની વિગત સાથેનું)

૫) લહિયાની મંજુરીના સંદર્ભ પત્રમાં જણાવેલ ક્મ નંબર(૮)ની શરતો અને સુચનાઓનું પાલન થતુ હોવુ જોઈએ.

૬) સિવિલ સર્જનશ્રીના ડોકટરી પ્રમાણપત્રની નકલ જોડવી.

ઉકત આધારો/પ્રમાણપત્રો સાથેની દરખાસ્ત <u>ત્રણ(૩) અસલ નકલમાં</u> સહિ-સિક્કા સાથે અત્રેની કચેરીમાં બપોરે ૧૫:૦૦ કલાક થી ૧૭:૦૦ દરમયાન રજુ કરવાની રહેશે. દરખાસ્ત સાથે દિવ્યાંગ પરીક્ષાર્થી તથા લહિયા તરીકે બેસનાર વિધાર્થી આ બંને એ <u>હાજર રહેવાનું</u> રહેશે.

લહિયાની મંજુરી મળ્યા બાદ સંદર્ભમાં સામેલ તમામ સુચનાઓનું કુસ્ત પણે પાલન કરવાનું રહેશે. લહિયાની મંજુરી મળ્યા બાદપરીક્ષાર્થીના વાલી દ્વારા લહિયાની મંજુરીની <u>એક અસલ નકલ સંબધિત ઝોનલ અધિકારીને તથા બીજી અસલ નકલ જે શાળામાં પરીક્ષા આપવાની છે તે શાળાના સ્થળ સંચાલકને</u> પહોચાડવાની રહેશે. તેમજ આ મંજુરી પત્રના <u>આખા સેટની ઝેરોક્ષ કરી પરીક્ષાર્થીએ પરીક્ષા દરમ્યાન સાથે રાખવાની રહેશે.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ.અમરેલી

<u>::બિડાણ::</u>

<u>નિયત નમુનાનું લહિયાનુંન બાહેધરી પત્રક</u>

(આ પત્રક ત્રણ(૩) નકલ માં ભરવુ.)

એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા /અન્ય............પરીક્ષા વર્ષ ....................

અંગે ની પરીક્ષાર્થી તથા લહીયાનું બાંહેધરી પત્રક

–:: માહિતી પત્રક ::–

પરિક્ષાર્થીનો ફોટો

**પરીક્ષાર્થીની વિગત**

| | | |
|---|---|---|
| ૧ | પરીક્ષાર્થીનું પુરુ નામ તથા સરનામું | |
| ૨ | શાળાનું નામ તથા સરનામું | |
| ૩ | જી.આર. નંબર | |
| ૪ | જન્મ તારીખ | |
| ૫ | પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક | |
| ૬ | સિવિલ સર્જનશ્રીની ડોકટરી પ્રમાણપત્રની વિગત | |
| ૭ | લહીયો મેળવવાનું કારણ | |
| ૮ | વાલીનો મોબાઈલ નંબર | |

આથી હું શ્રી......................બાહેંધરી આપું છું કે માર્ચ.........માં લેવાનાર ધોરણ..........ની પરીક્ષામાં લહીયા રાખવાની મંજૂરી મળવા અંગે ઉકત ક્રમ ૧થી ૮ જણાવેલ તમામ વિગતો સાચી દર્શાવેલ છે. તો મને લહીયા રાખવા મંજૂરી આપવા વિનંતી

તારીખ

પરીક્ષાર્થીની સહી

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉકત પરીક્ષાર્થીએ રજુ કરેલ તમામ વિગતો સાચી છે. અને શાળાના રેકર્ડઉપરથી ખરાઈ કરેલ છે. મજકુરને લહીયો રાખવાની ની મંજૂરી ની ભલામણ થાય છે.

તારીખ

આચાર્યની સહી તથા સિકકો

બિડાણ

૧ પરીક્ષા ફી–રસીદ (રીસીપ્ટ)ની પ્રમાણીત નકલ

૨. સિવિલ સર્જનના ડોકટરી પ્રમાણપત્રની પ્રમાણીત નકલ

૩. લહીયા તરીકે રાખેલ વિદ્યાર્થીનું બોનાફાઈડ સર્ટિ તથા તેની છેલ્લી માર્કશીટની પ્રમાણીત નકલ

૪. લહીયાના વાલીનું સંમતિપત્રક

લહીયાનો ફોટો

**લહીયાની વિગત**

| | | |
|---|---|---|
| ૧ | પરીક્ષાર્થીનું પુરુ નામ તથા સરનામું | |
| ૨ | શાળાનું નામ તથા સરનામું | |
| ૩ | જી.આર. નંબર | |
| ૪ | જન્મ તારીખ | |
| ૫ | હાલ કયા ધોરણમાં અભ્યાસ કરે છે. | |
| ૬ | ધોરણ .........ની પરીક્ષામા મેળવેલ કુલ ગુણ તથા ટકા | |
| ૭ | લહીયો મેળવવાનું કારણ | |
| ૮ | વાલીનો મોબાઈલ નંબર | |

આથી હું શ્રી..............................................................બાહેંધરી આપું છું કે ઉપરોકત દર્શાવેલ મારી તમામ વિગતો સાચી છે. લહીયા તરીકે મારુ નામ ગ્રાહય રાખવા સંમતી આપુ છે. મને કોઈ વાંધો નથી.

તારીખ

લહીયા તરીકે સંમતી આપનાર વિદ્યાર્થીની સહી

લહીયાની શાળાના આચાર્ય દ્વારા આપવાનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉકત પરીક્ષાર્થીએ રજુ કરેલ તમામ વિગતો સાચી છે. અને શાળાના રેકર્ડ ઉપરથી ખરાઈ કરેલ છે. મજકુર વિદ્યાર્થી અમારી શાળામાં હાલ ધોરણ...... માં.........માર્કસ સાથે .........વર્ષમાં ઉતર્ણીત થયેલ છે.મંજૂરી ની ભલામણ થાય છે.

તારીખ

આચાર્યની સહી તથા સિકકો

જિલ્લા શિક્ષણાધિકારીની સહી તથા સિકકો

**પરિશિષ્ટ - B**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2500-33
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-10બી, સચિવાલય પાસે, ગાંધીનગર
તા.25-09-2017

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજય

**વિષય : દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-2016ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા અંગે**

**સંદર્ભ :**
1. **The Right of persons with disabilities Act-2016 (No:49 of 2016)**
2. **શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક : પીઆરઈ/1020/871/ક તા.30-6-2017**
3. **તા.27-7-2017ની શૈક્ષણિક સમિતિમાં ઠરાવ ક્રમાંક 44/2017થી કરવામાં આવેલ નિર્ણય અન્વયે.**
4. **તા.31-8-2017 ની શૈક્ષણિક સમિતિમાં ઠરાવ ક્રમાંક : 56/2017 થી કરવામાં આવેલ નિર્ણય અન્વયે.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધોરણ-9 થી 12ના દિવ્યાંગ વિદ્યાર્થીઓને 'દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-2016 (2016નો 49) નો જોગવાઈ' અનુસાર દિવ્યાંગ વિદ્યાર્થી સક્ષમ સત્તાધિકારીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરે તો દિવ્યાંગ વિદ્યાર્થીની જરૂરિયાત અને વાજબીપણા મુજબ વિશેષ સવલતો આપવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નીચે મુજબની વિગતે નિર્ણય કરવામાં આવેલ છે. લર્નિંગ ડીસએબિલિટી કોને ગણવી તે અંગે આરોગ્ય વિભાગ દ્વારા જે નિયમો બનાવવામાં આવેલા હોય તે અનુસાર સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી લર્નિંગ ડીસએબિલિટી ધરાવતા વિદ્યાર્થીને દિવ્યાંગતા અંગેની વિશેષ સવલતો આપવામાં આવશે.

**(1) પરીક્ષા સમયમાં વધારો/છૂટછાટ :**

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને ધોરણ 9 થી12માં શાળાકક્ષાએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી તમામ લેખિત જાહેર પરીક્ષાઓમાં ત્રણ કલાકના પ્રશ્નપત્રમાં વધારો સમય અડધો કલાક-30 મિનિટ સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, બધિરાંધ, મંદબુદ્ધિ, બહુદિવ્યાંગતા, ઓટીઝમ, ઠીંગણાપણું, એસિડના હુમલાનો ભોગ બનેલ, શ્રવણક્ષતિ, વાક્‌ક્ષતિ, સેરીબ્રલ પલ્સી (C.P.), મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, મટી ગયેલો રક્તપિત, સ્પેસીફીક લર્નિંગ ડિસએબિલિટી (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), Thalassemia, Perkinson's disease, Multiple sclerosis, Haemophilia ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળી શકશે. આ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ સ્વબળે પોતે જ લેખિત પરીક્ષામાં ઉત્તરો લખે અને લહિયાની મદદ ન લે અથવા લહિયાની મદદ લે તો પણ શાળાકીય અને બોર્ડની જાહેર લેખિત પરીક્ષામાં ત્રણ કલાકના પ્રશ્નપત્રમાં વધારાનો અડધો કલાકનો સમય મળશે.

**(2) પરીક્ષા ફી:**

દિવ્યાંગજન અધિકાર અધિનિયમ -2016 (2016નો 49) ના પરિશિષ્ટ-1 જણાવેલ 21 પ્રકારની દિવ્યાંગતાઓ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.10 અને 12ની જાહેર પરીક્ષાની ફીમાંથી સંપૂર્ણ માફી આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

**(3) પાસનું ધોરણ:**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો. 10/12ની લેખિત જાહેર પરીક્ષઓમાં ફક્ત નાપાસ થતાં દિવ્યાંગ વિદ્યાર્થીઓએ નાપાસ થતાં વિષય/વિષયોમાં 100 ગુણમાંથી ઓછામાં ઓછા કુલ 20 ગુણ પાસ થવા માટે મેળવવાના રહેશે. આ 20 ગુણનો લાભ ધો-09 અને 11ની શાળાકીય પરીક્ષામાં પણ આપવાનો રહેશે. સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર દિવ્યાંગ વિદ્યાર્થી દ્વારા રજૂ કર્યેથી જ 20% પાસિંગ ધોરણનો લાભ મળવાપાત્ર થશે.

(4) **દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા કેન્દ્ર ખાતે કરવાની ભૌતિક સુવિધાઓ :**

- ધોરણ 10 અને ધોરણ 12 ની જાહેર લેખિત પરીક્ષામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓના રહેઠાણથી નજીક હોય તેવા પરીક્ષા કેન્દ્રની ફાળવણી-વ્યવસ્થા કરવાની રહેશે.
- પરીક્ષા કેન્દ્રમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ગ્રાઉન્ડ ફલોર (ભોંયતળિયા) પર બેઠક વ્યવસ્થાની ગોઠવણ કરવી.
- દિવ્યાંગ પરીક્ષાર્થીને અનુરૂપ ફર્નિચર જેવું કે બેંચ, ચેર, ડેસ્ક, ટેબલ ઈત્યાદિ તેમજ સુગમ્ય શૌચાલયયુક્ત સુવિધાવાળું કેન્દ્ર હોય તેની કાળજી રાખવાની રહેશે.
- જે-તે જિલ્લામાં ભૌતિક સુવિધા ધરાવતી કાર્યરત વિશિષ્ટ શાળાઓને પણ પરીક્ષાકેન્દ્ર તરીકે રાખી શકશે.
- પરીક્ષાકેન્દ્ર ખાતે દિવ્યાંગ વિદ્યાર્થીઓની સહાયતા અર્થે જે તે જિલ્લામાં કાર્યરત વિશિષ્ટ શિક્ષકોને સાંકળીને જવાબદારી સોંપવી.

(5) **પરીક્ષા દરમિયાન વિશિષ્ટ સાધન-સામગ્રીનો ઉપયોગની છૂટછાટ**

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની લેખિત જાહેર પરીક્ષા દરમિયાન દિવ્યાંગ વિદ્યાર્થીઓને વિશિષ્ટ સાધન-સામગ્રીનો ઉપયોગ કરવાની છૂટ આ પ્રમાણે મળશે :
- સંપૂર્ણ દૃષ્ટિહીન, અલ્પદૃષ્ટિ, બધિરાંધ, સેરીબ્રલ પલ્સી (C.P.), ઓટીઝમ, બહુવિકલાંગતા બધિર અને તીવ્ર બહેરાશ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ ઈચ્છે તો કમ્પ્યૂટર સ્ક્રીન-રીડર, બ્રેઈલલિપિ લોડ કરેલું સોફટેવરયુક્ત કમ્પ્યૂટર, એબેક્સ, ટ્રેલર ફ્રેમ, બ્રેઈલ ગાણિતિક કંપાસ વાપરી શકશે.
- અલ્પદૃષ્ટિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ મેગ્નીફાઈંગ ગ્લાસ, ટૉકિંગ કેલ્કયુલેટર, લાર્જ કેલ્કયુલેટર, લાર્જ કી બોર્ડ સાથેનું કમ્પ્યુટર, ઓપ્ટિકલ આસીસ્ટીવ ડિવાઈસ, લૉ-વિઝન કીટનો ઉપયોગ કરી શકશે.
- વ્યક્તિગત દિવ્યાંગતાને અનુરૂપ જરૂરિયાત મુજબની વિશિષ્ટ શૈક્ષણિક સાધન-સામગ્રીનો ઉપયોગ કરી શકશે. પરંતુ આ વિશિષ્ટ શૈક્ષણિક સાધન-સામગ્રી દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સ્વબળે-સ્વખર્ચે જ લાવવાની રહેશે. તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓની જરૂરિયાત અને વ્યાજબીપણા મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ અંગેની મંજૂરી આપવાની રહેશે.

(6) **બ્રેઈલ લિપિમાં પ્રશ્નપત્ર :**

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની જાહેર લેખિત પરીક્ષામાં દૃષ્ટિહીન દિવ્યાંગ વિદ્યાર્થીઓને બ્રેઈલ લિપિવાળું પ્રશ્નપત્ર આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.
- બ્રેઈલ લિપિવાળું પ્રશ્નપત્ર પરીક્ષામાં સંપૂર્ણ દૃષ્ટિહીન દિવ્યાંગ વિદ્યાર્થીને જોઈએ છે કેમ ? તે વિગત પરીક્ષા ફોર્મ ભરતી વખતે નિયત સ્થળે વિદ્યાર્થીએ અચૂક દર્શાવવાની રહેશે.

(7) **ધોરણ 10/12ની જાહેર લેખિત પરીક્ષાના મૂલ્યાંકન અંગે :**

- સંપૂર્ણ દૃષ્ટીહીન,અલ્પદૃષ્ટિ, બધિરાંધ, તીવ્ર બહેરાશ, સેરીબ્રલ પલ્સી (C.P.), બહુ વિકલાંગતા, ઓટીઝમ સ્પેસીફીક લર્નિંગ દિવ્યાંગતા (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dysprexia and Development aphasia), માનસિક રોગ, શ્રવણક્ષતિ, વાક્ક્ષતિ અને મંદબુદ્ધિતા ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને ધોરણ 10/12 ની જાહેર લેખિત પરીક્ષાના મૂલ્યાંકનમાં અંગ્રેજી/અન્ય ભાષામાં જોડણીની ભૂલો અને ખોટી વાક્યરચના હોય તો ક્ષમ્ય ગણવી તેમજ ગણિત વિષયમાં સ્ટેપની ભૂલ ગ્રાહ્ય રાખવી.
- તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓની ઉત્તરવહીનું મૂલ્યાંકન એક જ કેન્દ્ર પર કરવું તેમજ આ કામગીરીમાં રીહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં રજિસ્ટર થયેલા વિશિષ્ટ શિક્ષકો-ખાસ શિક્ષકોની નિમણૂક કરીને તેમની મદદ લેવામાં આવશે.

(8) **રીડર/રાઈડર (લહીયા) સેવા બાબત :**

- સંપૂર્ણ દૃષ્ટિહીન, અલ્પદૃષ્ટિ, બધિરાંધ, સેરીબ્રલ પલ્સી (C.P.), ઓટીઝમ, મંદબુદ્ધિ, સ્પેસિફિક લર્નિંગ દિવ્યાંગતા (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), મસ્ક્યૂલર ડિસ્ટ્રોફી, Parkinson's, Hemophilia, Thalassemia તેમજ અસ્થિવિષયક દિવ્યાંગતામાં ફ્રેકચર કે સ્નાયુની ઈજા જેવી ગંભીર પ્રકારની બિમારીથી પીડાતા હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થીઓ કોઈ કારણસર લખવા અસમર્થ હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થીઓ સક્ષમ સત્તાધિકારીનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરે તો તેઓની જરૂરિયાત અને વાજબીપણા અનુસાર તેઓને રીડર/રાઈડર (લહિયા) ની સેવાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપવાની રહેશે.

- દિવ્યાંગ વિદ્યાર્થીઓને તેમનાથી એક ધોરણ નીચેનો પોતાની શાળાનો અથવા અન્ય શાળાનો વિદ્યાર્થી લહિયા તરીકે આપી શકાશે.
- ધોરણ 10/12ની જાહેર લેખિત પરીક્ષાના તમામ વિષયો માટે એક વિદ્યાર્થી દીઠ એક લહિયો રાખવાનો રહેશે અથવા તો આકસ્મિક સંજોગોમાં અન્ય લહિયાને નિયુક્ત કરવાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપવાની રહેશે.
- દિવ્યાંગ વિદ્યાર્થીની જરૂરિયાત અને વાજબીપણા મુજબ રીડર/રાઈડરની વ્યવસ્થા સરળતાથી સમયસર ઉપલબ્ધ થાય તે અંગે તમામ જિલ્લા અધિકારીશ્રીઓએ કાર્યવાહી કરવાની રહેશે.

**(9) વિષય પસંદગીમાં છૂટછાટ અંગે :**

દિવ્યાંગ વિદ્યાર્થીઓની દિવ્યાંગતા અનુસાર અને આવશ્યકતા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર લેખિત પરીક્ષામાં વિષયપસંદગીની વિષય/વિષયોમાં મુક્તિ અને છૂટછાટ મળવાપાત્ર થશે.

- શ્રવણક્ષતિ, વાક્ક્ષતિ, બધિરાંધ, સ્પેસીફીક લર્નિંગ દિવ્યાંગતા (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), બહુવિકલાંગતા , તીવ્ર શ્રવણક્ષતિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને માત્ર પ્રથમ ભાષા (માતૃભાષા) એટલે કે ઉચ્ચસ્તરીય ભાષા સિવાયની ભાષાઓમાંથી મુક્તિ આપવામાં આવે છે, પરંતુ ધોરણ-10માં કુલ 7 (સાત) વિષયો ફરજિયાત લેવાના રહેશે, જે માટે જૂથ-૨ માંથી એક કરતાં વધુ વિષયો પસંદ કરી શકશે. જેમ કે,

  જૂથ-1 : ફરજિયાત વિષયોમાંથી કોઈ એક ભાષા પસંદ કરવાની રહેશે. (ઉદા. તરીકે ગુજરાતી)

  નીચેના ત્રણ વિષયો ફરજિયાત પસંદ કરવાના રહેશે.

  —વિજ્ઞાન અને ટેક્નોલોજી

  —ગણિત

  —સામાજિક વિજ્ઞાન

  જૂથ-2 : મરજિયાત વિષયોમાંથી કોઈ એકને બદલે ત્રણ વિષયો પસંદ કરી શકશે. (ઉદા. ચિત્રકલા, ગૃહવિજ્ઞાન, સ્વાસ્થય અને શારીરિક શિક્ષણ)
- સંપૂર્ણ દષ્ટિહીન, અલ્પદષ્ટિ, બધિરાંધ, માનસિક દિવ્યાંગ (M.R), સ્પેસિફિક લર્નિંગ દિવ્યાંગતા (Dyslexa, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia) ધરાવતા દિવ્યાંગતા વિદ્યાર્થીઓ ધોરણ 10માં ગણિત વિષયમાં મુક્તિ રાખવા ઈચ્છે તો રાખી શકે છે અને જૂથ-2 મરજિયાત વિષયોમાંથી એકને બદલે વધુ વિષયો પસંદ કરી શકશે, પરંતુ ધોરણ 10માં કુલ-7 (સાત) વિષયો ફરજિયાત લેવાના રહેશે.
- જે વિષયોમાં કાર્યાનુભવ અને ટેક્નિકલ વિષયો કે જેમાં પ્રાયોગિક કાર્ય જરૂરી હોય તે પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર સંબંધિત માન્ય સંસ્થાઓનું રજૂ કરી શકશે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર લેખિત પરીક્ષામાં દષ્ટિહીન, મુકબધિર અને અલ્પદષ્ટિ ધરાવતાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને આકૃતિ, નકશા અને ગ્રાફ દોરવાના હોય તેવા પ્રશ્નોમાં અન્ય વૈકલ્પિક પ્રશ્નો આપવા.(ઉદા.ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ)
- ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં જૂથ-૩માં દરેક વિદ્યાર્થીઓએ બે વિષય લેવાના થાય છે. જેમાં શ્રવણક્ષતિ વાક્ક્ષતિ, બધિરાંધ, બહુવિકલાંગતા, સંપૂર્ણ દષ્ટિટહીન, અલ્પદષ્ટિહીન મંદબુદ્ધિતા, સ્પેસિફિક લર્નિંગ દિવ્યાંગતા (Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), તીવ્ર શ્રવણક્ષતિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી નિવારવાના હેતુથી ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં ઉપરોક્ત દિવ્યાંગ વિદ્યાર્થીઓને જૂથ-3 વિષયને બદલે એક વિષય લેવાનો અને જૂથ-4 માં ત્રણને બદલે ચાર વિષયો પસંદ કરવાની છૂટછાટ મળવાપાત્ર થશે.

ઉપરોક્ત વિગતો આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

બિડાણ : The Rights of persons with disabilities Act-2016 (No : 49 of 2016) માં દર્શાવેલ દિવ્યાંગતાની કેટેગરીની વિગત.

સહી/-
(આર.આઈ.પટેલ)
સચિવ
ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ
ગાંધીનગર